# મોદીના કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો

રેવાડી,તા. ૧૫

વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર થયા બાદ પોતાની પ્રથમ રેલીમાં નરેન્દ્ર મોદીએ રેવાડીમાં ભૂતપુર્વ સૈનિકોને સંબોધન કરતાં કહ્યું હતું કે, સેનાના જવાનોની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે. મોદીએ કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, સરકારને મુળભુત રીતે સેનાના ટેન્ડરોમાં રસ છે. સેનાના હિતોને પૂર્ણ કરવામાં તેને કોઈ રસ નથી. સરકાર સરહદ ઉપર તૈનાત જવાનોની સમસ્યાઓ અને દેશ સાથે જોડાયેલી સમસ્યાઓને લઈને બિલકુલ ઉદાસીન દેખાઈ રહી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, સરહદ ઉપર દરરોજ નવી સમસ્યાઓ સર્જાઈ રહી છે. આનું મુખ્ય કારણ સેનાની નબળાઈ નથી, બલ્કે દિલ્હીમાં રહેલી સરકાર છે. મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે, આ સમસ્યાનો ઉકેલ પણ દિલ્હીની સરકારને બદલી દિધા બાદ જ શક્ય બનશે. મોદીએ કહ્યું હતું કે, જ્યારે દેશની સુરક્ષાને લઈને સેનાના જવાનો તમામ પ્રયાસ કરી રહ્યાં છે ત્યારે સંરક્ષણ પ્રધાન આવું નિવેદન કરી રહ્યા છે કે, સેનામાં લોકો મરવા માટે ભરતી થાય છે. ચીન અને પાકિસ્તાનની ઘુસણખોરીને કેન્દ્ર સરકારની નિષ્ફળતા સાથે જોડતા મોદીએ કહ્યું હતું કે, સમસ્યા સરહદ ઉપર નથી બલ્કે દિલ્હીમાં છે. કેન્દ્ર સરકારને સેના પાસેથી બિનસાંપ્રદાયિક વાદ અંગે બોધપાઠ લેવાની જરૂર છે. સેનાને સાંપ્રદાયિક રંગ આપવાના પ્રયાસો કેન્દ્ર સરકાર કરી રહી છે. મોદીએ સાચર કમીટીના બહાને સેનાની અંદર સાંપ્રદાયિકવાદ ફેલાવવાનો આક્ષેપ કર્યો હતો. મોદીએ ઉમેર્યું હતું કે, હિંદુ મુસ્લિમના આધાર ઉપર સેનામાં જવાનોની ગણતરી કરનાર કેન્દ્ર સરકારને વન રેંક વન પેન્સન ઉપર વ્હાઈટ પેપર લાવવાની જરૂર છે.



મોદીએ કહ્યું હતું કે, સેનાને સાંપ્રદાયિક્તાના આધારે વિભાજીત કરવાના પ્રયાસ ખૂબ જ ખતરનાક છે. મોદીએ ઉમેર્યું હતું કે, વાજપેયી સરકારે સેના માટે ખૂબ સારી કામગીરી અદા કરી હતી પરંતુ આ સરકારને સેનાના ટેન્ડરમાં વધારે રસ છે. મોદીએ એમપણ કહ્યું હતું કે, દેશની યુવા શક્તિનો ઉપયોગ ખૂબ આદર્શ રીતે થઈ શકે છે. સેનાને આધુનિક બનાવવાની જરૂર છે. પાકિસ્તાન સરકારને સંદેશો આપતા કહ્યું હતું કે, તેમની પ્રગતિ ભારત વિરોધી માનસિક્તાના આધારે થઈ શકશે નહીં. પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામના ભંગ અને ચીન સાથે વધતી તંગદિલી અંગે પણ વાત કરી હતી. ચીન અરૂણાચલને કબ્જે કરવાની તથા નદીઓના પાણીને પણ રોકવાની પણ ઈચ્છા ધરાવ છે. પરંતુ આ બાબત સેનાની નબળાઈના કારણે નથી બલ્કે દિલ્હી સરકારના નબળા વલણના લીધે છે. અગ્નિ-૫ના સફળ પરીક્ષણના મુદ્દે મોદીએ વૈજ્ઞાનિકોને પણ શુભેચ્છા આપી હતી. મોદીએ આ રેલીની સાથે જ વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણી માટેનું રણસિંગુ ફૂંકી દીધું છે. મોદીની સભામાં ભૂતપુર્વ સેના અધ્યક્ષ વીકે સિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અગાઉ નરેન્દ્ર મોદીની રેલીમાં હજારો લોકો ઉમટી પડ્યા હતા. સેનાની કામગિરીની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે, ઉત્તરાખંડની કુદરતી હોનારત, ગુજરાતમાં ભુકંપ સહિત તમામ કુદરતી આપત્તિમાં પણ સેનાએ ઉલ્લેખનીય કામગિરી અદા કરી છે. ૧૯૬૨માં જ્યારે દેશનું યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે સેનાના જવાન જંગ માટે જઈ રહ્યા હતા ત્યારે તેઓએ મહેસાણામાં જવાનોની સેવા કરી હતી. છેલ્લા એક દશકથી દેશમાં નિરાશાનું વાતાવરણ હોવાની તેમણે વાત કરી હતી. દેશની સુરક્ષાની ચિંતા વર્તમાન સરકારને દેખાઈ રહી નથી.

## ૫,૦૦૦ કિમીની રેન્જ ધરાવતી અગ્નિ-૫નું સફળ પરીક્ષણ થયું

બેલાસોર,તા. ૧૫

ભારતે આજે સવારે સ્વદેશી રીતે વિકસિત કરવામાં આવેલી પરમાણુ સક્ષમ અગ્નિ-૫ લાંબા અંતરની બેલાસ્ટિક મિસાઈલની બીજી વખત સફળ પરીક્ષણ કર્યું હતું. ઓરિસ્સાના દરિયાકાંઠે આવેલા વિલર આઈલેન્ડ પરથી ૫૦૦૦ કરતા વધુ કિલોમીટરની રેન્જ ધરાવતી આ



મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સરંક્ષણ સૂત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે સવારે ૮.૫૦ વાગ્યાની આસપાસ ઈન્ટેગેટેડ ટેસ્ટ રેન્જના લોંચ કોમ્પલેક્સ-૪થી મોબાઈલ લોન્ચર મારફતે આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષણ આ મિસાઈલ ન્યુક્લીયર વોર હેડ લઈને ત્રાટકી શકે છે. આ મિસાઈલનું પ્રથમ પરીક્ષણ ૧૯મી એપ્રિલ ૨૦૧૨ના દિવસે કરાયું હતું. આજે પરીક્ષણ કરાયું ત્યારે સરંક્ષણ નિષ્ણાંતો અને ટોચના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા. આના માટેનું કાઉન્ટ ડાઉન ગઈકાલે શરૂ કરવામાં આવ્યું હતું.

ચીન સામે દેશની પરમાણુ ક્ષમતાને રજૂ કરવાના હેતુસર આને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૨૦૧૨માં આ મિસાઈલનું પ્રથમ વખત પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલનું પરીક્ષણ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે ચીન દ્વારા વારંવાર ઘૂસણખોરી કરવામાં આવી રહી છે. દ્વિપક્ષીય લશ્કરી સંબંધો સતત ખરાબ થઈ રહ્યા છે. સરંક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા ૧૭ મીટર લાબી બેલાસ્ટિક મિસાઈલને ઓપરેશનલ તરીકે જાહેર કરતા પહેલાં ઓછામાં ઓછા ત્રણ પરીક્ષણો કરવાની પણ યોજના ધરાવે છે જે પૈકી બે સફળ પરીક્ષણ થઈ ચૂક્યા છે. લશ્કરમાં આને સામેલ કરવાની તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી છે. અગ્નિની પ્રવર્તમાન આવૃત્તિઓની રેન્જ ૭૦૦ કિલોમીટરથી લઈને ૩૫૦૦ કિલોમીટર સુધીની છે. અગ્નિ-૫ મિસાઈલ સૌથી મોટી મિસાઈલ છે જેની રેન્જ પણ સૌથી વધારે હોવાનું જાણવા મળી રહ્યું છે. અગ્નિ મિસાઈલનું નામ અગ્નિ દેવતાના નામ પર રાખવામાં આવ્યુ છે. આ સિરિઝની પ્રથમ મિસાઈલ અગ્નિ-૧ મિસાઈલ ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ વિકસિત કરવામાં આવી હતી અને ૧૯૯૧માં પ્રથમ વખત આ મિસાઈલનું પરિક્ષણ કરાયુ હતુ. તેની સફળતા બાદ અગ્નિ મિસાઈલ કાર્યક્રમ ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામથી અલગ કરી દેવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૮ સુધી અગ્નિની જુદી જુદી આવૃત્તિ તૈયાર કરાઈ હતી. હાલમાં ભારત પાસે અગ્નિ-૫ મિસાઈલના ટેસ્ટ થઈ ચુક્યા છે જે પૈકી અગ્નિ-૪ અને અગ્નિ-૫ ટેસ્ટિંગના તબક્કામાં છે જ્યારે અગ્નિ-૧,૨,૩ ઓપરેશનલ છે. જ્યારે અગ્નિ-૬ જેની રેન્જ ૮૦૦૦થી ૧૦૦૦૦ કિલોમિટરની છે.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

એ દરમિયાન જાનબાઝના પરિવારે સુષ્મિતાને સંપર્ક કર્યો અને તેમને પાછા ભારત મોકલવાની ખાતરી સાથે ફરી અફઘાનિસ્તાનમાં લઈ જવામાં આવ્યા. પરંતુ સુષ્મિતાને ભારત મોકલવાને બદલે એના પર વધુ પ્રતિબંધો મૂકવામાં આવ્યા. તેમને 'અનૈતિક સ્ત્રી' ગણવામાં આવી. આ ઉપરાંત નજરકેદ કરી. તાલિબાનો થકી તેમને વધુ ધમકાવવામાં આવી. હવે સુષ્મિતા જાણતી હતી કે અફઘાનિસ્તાનમાંથી તેણે ભાગવું જ પડશે. ફરી હિંમત કરી તેણે ભાગવાનો પ્રયત્ન કર્યો અને કાબૂલ નજીક પકડાઈ ગઈ. પંદર તાલિબાનોની ટીમે તેને પકડી અને તેમાંના કેટલાકે તેને મારી નાખવાનું પણ સૂચવ્યું. આમ છતાં, તે એક ભારતીય છે અને પોતાના દેશ પાછા ફરવાનો તેને હક છે એવું સુષ્મિતાએ તાલિબાનોને સમજાવ્યું. તાલિબાનોએ પણ તેની આખી રાત પૂછપરછ કરી. બીજા દિવસે તેને ભારતીય દૂતાવાસમાં મોકલવામાં આવી અને અંતે તે ભારત પહોંચી હતી. કલકત્તા પહોંચીને તે તેના પતિને મળી અને પોતાના પર વીતેલી આ યાતનાઓ વિશે તેણે લખવાનું નક્કી કર્યું.

ભૂતકાળમાં આટલી યાતના વેઠી હોવા છતાં તે ફરી પાછી અફઘાનિસ્તાન જવા કેમ તૈયાર થઈ તેવો પ્રશ્ન કદાચ થાય શા માટે તેણે આમ જીવનું જોખમ લીધું? હા, કદાચ રેશનલી વિચારીએ તો આ પગલું ખોટું જ લાગે, પરંતુ ઘણીવાર વસ્તુને સાચી કે ખોટીના ત્રાજવામાં તોલવા કરતા માનવતાના દૃષ્ટિકોણથી માપવી જોઈએ. શું ક્રૂરપણે કરવામાં આવેલી તેમની હત્યા વાજબી છે? શા માટે હજી પણ સ્ત્રીઓએ સમાજના અનેક બંધનોમાં જકડાઈને બેસી રહેવું પડશે? આજની ઝડપથી થતી પ્રગતિમાં દુનિયાનો એક છેડો પ્રગતિ માટે હરણફાળ ભરી રહ્યો છે, જ્યારે બીજો એક છેડો હજી પણ રૂઢિચુસ્તતાના બંધનોમાં વધુને વધુ મજબૂતાઈથી ભીંસાતો જોય છે. એક સ્ત્રી, જેણે પોતાની પીડાદાયક કથા પુસ્તકના પાના પર ઉતારી અને સમગ્ર ભારતના લોકોએ પણ તેને સહર્ષ સ્વીકારી, તો હવે શા માટે તેમના મૃત્યુની હત્યાની વ્યથા માત્ર એક સમાચારની બાબત બનીને રહી ગઈ છે? કયા વિશ્વમાં આપણે જીવી રહ્યા છે અને કઈ પ્રગતિને હોંશભેર ઊજવી રહ્યા છે? સવાલોથી ઘેરાયેલા રણપ્રદેશમાં જ્યારે મુસાફરી કરીએ ત્યારે ઝાંઝવાના જળની જેમ માત્ર જવાબો મળ્યાનો આભાસ થતો હોય છે. વાસ્તવમાં આ સવાલો માત્ર સવાલો જ બની રહે છે અને આવી ઘટનાઓ ૨૪ કલાક ચાલતી ન્યૂઝ ચેનલો માટે એક 'મેટર' બનીને જ રહી જતી હોય છે.

## જીરો બેલેન્સ ઉપર કોઈ પણ બેંકમાં ખાતુ ખોલાવી શકાશે

નવી દિલ્હી,તા. ૧૫

હવે સામાન્ય લોકો જીરો બેલેન્સ પર કોઈ પણ બેંકમાં ખાતુ ખોલાવી શકશે. રીઝર્વ બેંક દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા નિર્દેશથી સામાન્ય લોકોની તકલીફ ઘટી શકે છે. આરબીઆઈએ કહ્યું છે કે હવે કોઈ પણ વ્યક્તિ જીરો બેલેન્સમાં કોઈ પણ બેંકમાં ખાતામાં ખાતુ ખોલાવી શકશે. આ આદેશ સરકારી બેંકો, દેશની ખાનગી બેંકો અને દેશમાં સેવા આપી રહેલી વિદેશી ખાનગી બેંકો પર લાગુ થશે. રીઝર્વ બેંકે કહ્યું છે કે તેની મૂળભૂત બચત બેંક થાપણ માર્ગદર્શિકા વિદેશી બેંકો સહિત તમામ પ્રકારની બેંકો પર લાગુ થશે. આ નવી માર્ગદર્શિકા હેટળ બેંકોમાં ખાતા ખોલવા માટે કોઈ શરૂઆતી રકમની જરૂર રહેશે નહી. આરબીઆઈએ સલાહ આપી છે કે બેંકોએ વય અને આવકની મર્યાદા જેવી શરતો લાગુ કરવાથી બચવાની જરૂર છે. જીરો એમાઉન્ટ ખાતા પર કેશ જમા કરવા અને ઉપાડવાની સાથે સાથે ચેક અને એટીએમની સુવિધા મળશે. આ સુવિધા સંપૂર્ણપણે ફ્રી રહેશે. અલબત્ત જીરો બેલેન્સ ખાતાઓ ખોલવા કેટલીક શરત રહેશે. પહેલાથી આ બેંકમાં ખાતુ રહેશે તો જીરો બેલેન્સથી ખાતુ ખુલશે નહી. જો કોઈ ખાતુ રહેશે તો તેને ૩૦ દિવસની અંદર બંધ કરાવવાનુ રહેશે. રીઝર્વ બેંકના આ આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બેંકની સેવા તમામ લોકો સુધી પહોંચે તેવી ગણતરી રીઝર્વ બેંક દ્વારા કરવામાં આવી રહી છે. હાલના સમયમાં દેશમાં ૪૩ વિદેશી બેંક છે જેમની ૩૩૦ શાખાઓ દેશભરમાં સેવા આપી રહી છે.

## યુવરાજની તોફાની સદીથી ભારત એની ૭૭ રને જીત

બેંગલોર,તા. ૧૫

રાષ્ટ્રીય ટીમમાં શાનદાર વાપસી માટેના પ્રયાસ કરી રહેલા યુવરાજ સિંહની આશા આજે ફરી ઉજ્જવળ બની હતી. વિન્ડીઝ એ સામેની મેચમાં યુવરાજે ઝંઝાવતી ઈનિગ્સ રમીને ૧૨૩ રન ફટકાર્યા હતા. યુવરાજની શાનદાર બેટિંગના કારણે ભારતની એ ટીમે પ્રથમ બેટિંગ કરતા વિન્ડીઝ સામે ૪૨ ઓવરમાં ચાર વિકેટે ૩૧૨ રન બનાવ્યા હતા. જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ એની ટીમ પુરી ઓવરમાં રમી શકી ન હતી અને તેની ટીમ ૩૯.૨ ઓવરમાં ૨૩૫ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. કેન્સર સામે જંગ જીતી લીધા બાદ લાંબા સમય સુધી ટીમમાંથી બહાર રહેલા યુવરાજ પર તમામ ક્રિકેટ ચાહકોની નજર હતી. યુવરાજે ધારણા પ્રમાણે જ શાનદાર બેટિંગ કરીને તમામને પ્રભાવિત કર્યા હતા. ટીમના કેપ્ટન તરીકે પણ તે પોતે જ હતો. જાન્યુઆરી મહિનામાં છેલ્લી મેચ રમી ચુકેલા યુવરાજે વેસ્ટ ઈન્ડિઝના બોલરોની સામે તોફાની બેટિંગ કરીને તમામને પ્રભાવિત કર્યા હતા. યુવરાજે ૮૯ બોલમાં આઠ ચોગ્ગા અને સાચ છગ્ગાની મદદથી ૧૨૩ રન બનાવ્યા હતા. આ સદી બાદ તેની ટીમમાં વાપસીની આશા ફરી જાગી છે.

## મની લોન્ડરિંગમાં ૨૦૦ બ્રોકર પર સેબીની નજર

નવી દિલ્હી,તા. ૧૫

મુડીબજાર મારફતે મની લોન્ડરિંગ અને ટેટર ફંડિગ સામે માર્કેટ રેગ્યુલેટર સેબીએ તેની લડાઈ હવે વધારે તીવ્ર બનાવી છે. જેના ભાગરૂપે હાલમાં આશરે ૨૦૦ શેબ બ્રોકરો અને સબ બ્રોકરો સામે તપાસ કરવામાં આવી રહી છે. તેમની સામે નિરીક્ષણની કામગીરી હાલમાં ચાલી રહી છે. કેટલાક સબ બ્રોકરો પણ સકંજામાં આવી ગયા છે. કઈ કંપની સામે હાલમાં ચકાસણી ચાલી રહી છે તે અંગે માહિતો આપવાનો ઈન્કાર કરતા સેબીએ કહ્યું હતું કે વર્ષ ૨૦૧૨-૧૩ના ગાળા દરમિયાન ૧૬૨ શેર બ્રોકરો અને ૩૯ સબ બ્રોકરો સામે તપાસ કરવામાં આવી ચુકી છે. અગાઉના વર્ષ દરમિયાન ૬૯ બ્રોકરો અને ૧૨ સબ બ્રોકરો સામે તપાસ કરવામાં આવી હતી. તાજેતરના વર્ષોમાં અનેક મની લોન્ડરિગના સંબંધમાં ફરિયાદ મળી ચુકી છે. આની નોંધ લઈને સેબી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. સેબી મની લોન્ડરિંગની પ્રવૃતિમાં સામેલ રહેલા લોકો સામે આક્રમક દેખાઈ રહી છે.

## ભારે રોષની વચ્ચે અખિલેશ મુઝફ્ફરનગર ખાતે પહોંચ્યા

મુઝફ્ફરનગર,તા. ૧૫

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ હિંસાગ્રસ્ત મુઝફ્ફરનગર જિલ્લાના કવાલગામમાં આજે પહોંચ્યા હતા. અખિલેશ યાદવને અહીં લોકોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. લોકોએ અખિલેશની સામે જોરદાર સુત્રોચ્ચાર પણ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આજ ગામથી હિંસાની શરૂઆત થઈ હતી. અખિલેશ યાદવની સામે જોરદાર સુત્રોચ્ચાર કરવામાં આવ્યાહતા. સાંપ્રદાયિક હિંસામાં હજુ સુધી ૪૭ લોકોના મોત થઈ ચુક્યા છે. ઘણા લોકો લાપતા થયેલા છે. મોટી સંખ્યામાં લોકો સારવાર હેઠળ છે. મુઝફ્ફરનગરમાં ભડકેલી કોમી હિંસાને તાજેતરના સમયની સૌથી વિનાશકારી હિંસા તરીકે ગણવામાં આવે છે. વિરોધપક્ષો અને લઘુમતી



નેતાઓના વિરોધ અને ટિકાટિપ્પણી બાદ અખિલેશ યાદવ આજે હિંસાગ્રસ્ત જિલ્લાઓમાં પહોંચ્યા હતા. યાદવ સૌથી પહેલા કવાલમાં પહોંચ્યા હતા. જ્યાં ૨૭મી ઓગષ્ટના દિવસે છેડતીના બનાવ બાદ ત્રણ લોકોના મોત થયા હતા. શનિવારના દિવસે ગોળીબારની ઘટનાને બાદ કરતા હવે સ્થિતિ શાંતિપૂર્ણ બનેલી છે. અસરગ્રસ્ત મુઝફ્ફરનગર જિલ્લામાં શનિવારના દિવસે ગોળીબારની એક ઘટના બાદ સંપૂર્ણશાંતિ રહેતા તંત્રને રાહત થઈ છે. જોકે કોમી હિંસાગ્રસ્ત વિસ્તારોમાં હજુપણ વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. ગઈકાલની હિંસામાં બે લોકો ઘાયલ થયા હતા. જિલ્લાના ફુઘના વિસ્તારમાં ગોળીબારમાં બે લોકો ઘાયલ થયા હતા. કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સંભાળી રહેલા પોલીસ મહાનિર્દેશક અરૂણકુમારે લખનઉમાં કહ્યું હતું કે, ફુઘના અને લોઈ ગામ વચ્ચે એક ખેતરમાં કામ કરી રહેલા બે લોકોને ગોળી મારી દેવામાં આવી હતી. ઘટના સ્થળેથી કેટલાક કારતુસ પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

પોલીસ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મોરચા સંભાળી ચુકી છે. ઉશ્કેરણી જનક સંદેશાઓ મોકલવાના મામલામાં બે યુવાનોની ધરપકડ પણ કરવામાં આવી છે. અન્ય ચાર લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. મુઝફ્ફરનગરની હિંસામા તપાસ માટે એક ફોરેન્સીક ટીમ પણ મોકલવામાં આવી છે. આ ઉપરાંત ખાસ ચકાસણી ટીમ પણ રવાના કરવામાં આવી છે.

## ફટા પોસ્ટર શાહીદ માટે એક મોટી ફિલ્મ સાબિત થઈ શકે

મુંબઈ,તા. ૧૫

ફિલ્મ નિર્માતા રમેશ તોરાનીનું કહેવું છે કે તેમના દ્વારા નિર્મિત ફિલ્મ ફટા પોસ્ટર નિકલા હીરો શાહિદ કપૂરના કરિયર માટે મોટી ફિલ્મ સાબિત થશે. રમેશ તોરાની નિર્મિત ફિલ્મમાં શાહીદ કપૂરે મુખ્ય ભૂમિકા અદા કરી છે. રમેશ તોરાનીનું કહેવું છે કે તેઓએ શાહીદ કપૂરને તેમની ફિલ્મ ઈશ્ક વિશ્ક મારફતે લોન્ચ કર્યો હતો. શાહિદ કપૂરની પ્રતિભાને લઈને રમેશ તોરાની ખૂબ જ આશાવાદી છે. તેમનું કહેવું છે કે જો કોઈ અભિનેતાને ચાહકો પસંદ કરે છે અને તેની ત્રણ-ચાર ફિલ્મો ચાલતી નથી તો તેની અભિનેતા ઉપર કોઈપણ અસર થતી નથી. જો કોઈ અભિનેતા કોઈ ફિલ્મમાં સારી કામગીરી અદા કરે છે તો ફિલ્મના ચાહકો ચોક્કસપણે પસંદ કરે છે. શાહીદ કપૂરે આ ફિલ્મમાં ખૂબ સારી ભૂમિકા અદા કરી છે અને તેના માટે આ ફિલ્મ કેરિયરની સૌથી મોટી ફિલ્મ સાબિત થશે. રાજકુમાર સંતોષીના નિર્દેશનમાં બનેલી ફટા પોસ્ટર નિકલા હીરો ફિલ્મમાં શાહીદ કપૂર ઉપરાંત ઈલિયા અને પદ્મનીની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મ ૨૦મી સપ્ટેમ્બરના દિવસે દેશભરમાં જારી કરવામાં આવનાર છે. કોમેડી અને એક્શન ફિલ્મ લોકોને ગમે તેવી વકી છે.

## સમાચાર ઝલક

- દિલ્હી ગેંગરેપ મામલાના ચુકાદા સામે વકીલોમાં મતમતાંતર.
- અમેરિકામાં ક્લોરાડોમાં વરસાદથી ભારે તારાજી.
- ચાલુ વર્ષે બેંકોની નફાશક્તિ ઓછી થશે : ઇફ્રા.
- પંજાબમાં બરનાલામાં અકસ્માતમાં ૯ વ્યક્તિઓનાં મોત.
- દરિયા કાંઠે કોસ્ટગાર્ડની બોટ રેલી યોજાઇ.
- સુરતના ડ્રાઇવરનું અપહરણ થયું, મધ્યપ્રદેશમાંથી લાશ મળી આવી.
- ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ સામે મુઝફ્ફરનગરમાં રોષ.
- પાકિસ્તાન દ્વારા જમ્મુ કાશ્મીરની સરહદ પર યુદ્ધવિરામનો વારંવાર ભંગ.
- સિધુરક્ષક સબમરીનમાં ક્રુઝ મિસાઇલો કાઢી ન હોવાથી ગમે ત્યારે ધડાકાની શક્યતા.
- થાણેમાં શાળાના કર્મચારીએ સ્કૂલની બાળકી સાથે દુષ્કર્મ કર્યું.
- કરનાલમાં પુલ પરથી બસ નદીમાં ખાબકી, ૪નાં મોત.
- આગરામાં મધ્યાહન ભોજન ખરાબ પીરસતાં બાળકોની તબિયત બગડી.
- વિદેશી હુંડિયામણમાં ૬૮ કરોડની ઘટ થઇ.
- ૨૦૧૪ લોકસભાની ચૂંટણી હોવાથી આઇ.પી.એલ મેચ ભારતની બહાર રમાશે.
- ઝેરી ઘાસ ખાવાથી લખનૌના પ્રાણી સંગ્રહાલયમાં હરણોનાં મોત, તપાસ ચાલુ.
- કેરળમાં ઓનમ તહેવારની ઉજવણી માટે તૈયારીઓ શરૂ.
- મેક્સિકોમાં શિક્ષણ સુધારકોની રેલી પર પોલીસ દમન.

### ઓઝોન દિન (પાના નં. ૪ નું ચાલુ)

**૩. ઓ.ડી.એસ. (ઓઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ) પદાર્થો મહદ્અંશે ઘટાડવાના લક્ષની સિદ્ધિ:**

ઑઝોનવાયુ પડને ક્ષીણ કરતા સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન, હેલોન્સ, કાર્બન ટૅટ્રાફ્લોરાઇડ, મિથાઈલક્લોરોફોર્મ, એન-પ્રોપાઈલબ્રોમાઈડ તથા ક્લોરોબ્રોમોમિથેન પદાર્થોનું મોન્ટ્રીયલ પ્રોટોકોલના તમામ પક્ષકાર દેશોએ ઉત્પાદન બંધ કર્યું છે. આથી, આ પ્રોટોકોલના કારણે ઑઝોનવાયુને ક્ષીણ કરતા પદાર્થોના ઉત્પાદનમાં તેમજ વપરાશમાં ૯૮ ટકાનો ઐતિહાસિક ઘડાડો થયો છે.

**૪. વિકાસશીલ દેશોને સહાય:**

મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણ હેઠળ, વિશ્વમાં વિકાસશીલ દેશોને મળેલ મલ્ટીલેટરલ ફંડની સહાયથી વર્ષ ૨૦૧૧ સુધીમાં, ઑઝોનવાયુ ક્ષીણ કરતા ઓ.ડી.એસ. (ઑઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ) પદાર્થો, જેમાંથી જુદીજુદી પ્રોડક્ટ બનાવવામાં આવતી હતી, તેવા ૨૬૦ હજાર ટન ઓ.ડી.એસ. પદાર્થોનું ઉત્પાદન કાયમી ધોરણે બંધ થયું છે.

**૫. પ્રોટોકોલના અનુપાલનનો ઊંચો દર :**

મોન્ટ્રીયલ પ્રોટોકોલના તમામ પક્ષકાર દેશોની કટિબદ્ધતાથી ઑઝોનવાયુ ક્ષીણ કરતા ઓ.ડી.એસ. (ઑઝોન ડિપ્લિટીંગ સબ્સ્ટન્સિસ) પદાર્થોનું ઉત્પાદન બંધ કરવાના લક્ષનું પાલન થયું છે. આ બાબતના અનેક પાસાઓને ગણત્રીમાં લેતાં મોન્ટ્રીયલ પ્રોટોકોલના અમલીકરણનો દર ૯૮ ટકા આંકવામાં આવ્યો છે. વધુમાં, વિકસિત તેમજ વિકાસશીલ દેશોએ નિયત સમય-મર્યાદાથી ઘણું વહેલું ઑઝોનવાયુ ક્ષીણ કરતા ઓ.ડી.એસ. પદાર્થોનું ઉત્પાદન સદંતર માટે બંધ કર્યું છે.

**૬. સ્વાસ્થ્યના ફાયદા:**

મોન્ટ્રીયલ પ્રોટોકોલના વૈશ્વિકસ્તરે નિયંત્રણો લાધવામાં મળેલ સફળતાને પગલે ચામડીના જીવલેણ કેન્સરના લાખો કિસ્સાઓ, ચામડીના જીવલેણ સિવાયના રોગોના તેમજ આંખોની બીમારીના કરોડો કિસ્સાઓ નિવારી શકાયા છે. માત્ર એકલા યુએસ-યુનાઈટેડ સ્ટેટ્સ દેશમાં જ એક અંદાજ મુજબ વર્ષ ૨૦૬૫ સુધીમાં સંભવિત ૯૩૦ લાખ વ્યક્તિઓનું ચામડીના કેન્સરથી થનાર મોત નિવારી શકવાની ગણત્રી કરી છે. તેવી જ રીતે, વર્ષ ૧૯૯૦થી ૨૦૬૫ દરમિયાન આ દેશ દ્વારા સ્વાસ્થ્ય માવજત માટે થનાર સંભવિત ખર્ચ ૪.૨ ટ્રીલીયન (૪૨૦ હજાર કરોડ) યુએસ ડોલરની બચત થશે, તેવું ગણવામાં આવ્યું છે. વધુમાં, યુએસ-યુનાઈટેડ સ્ટેટ્સની ઈપીએ-એન્વિરોન્મેન્ટ પ્રોટેક્શન એજન્સીએ વર્ષ ૨૦૧૧માં કરેલ તારણ મુજબ, મોન્ટ્રીયલ પ્રોટોકોલથી મળેલ સફળતાને કારણે વર્ષ ૨૧૦૦ સુધી અમેરિકામાં જન્મ લેનાર આશરે ૨૨૦ લાખ વ્યક્તિઓ સંભવિતપણે થનાર આંખના મોતિયાની વ્યાધીથી બચી જશે.

**૭. મોસમને થનાર ફાયદા:**

વિશ્વમાં ગ્લોબલ વૉર્મિંગના કારણે પર્યાવરણમાં થતા બદલાવ સામે ટકાઉ મોસમના લાભ મોન્ટ્રીયલ પ્રોટોકોલની સફળતાને કારણે મળશે, તેવું માનવામાં આવી રહ્યું છે. ઑઝોનવાયુ ક્ષીણ કરતા મોટાભાગના કેમિકલ્સ ગ્રીન હાઉસ ગેસના વર્ગમાં પણ ગણાય છે. આવા કેમિકલ્સનું ઉત્પાદન બંધ થયેલ હોય, એક અંદાજ મુજબ ૧૩૫ બીલીયન (૧૩૫૦૦ કરોડ) ટન કાબર્ન ડાયોક્સાઈડ જેટલા ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન (રેડિયેશન) થતું પણ ઘટશે. જેથી પૃથ્વીના પર્યાવરણ અને સરવાળે મોસમને પણ ફાયદો થશે, તેમ જણાય છે. આમ, ગ્લોબલ વૉર્મિંગના પડકારનો સામનો કરવા માટે મોન્ટ્રીયલ પ્રોટોકોલની સફળતા પાયાના મહત્વનું યોગદાન તરીકે ગણાય છે.

**૮. વૈશ્વિકસ્તરે સ્વીકૃતિ :**

ઑઝોનવાયુ પડની સુરક્ષાનું મહત્વ સમજાવવા અંગે કૅમિસ્ટ્રી વિજ્ઞાનના ઉમદા યોગદાન માટે વર્ષ ૧૯૯૫માં, વૈજ્ઞાનિકો શેરવૂડ રોવ્લેન્ડ, મારિયો મોલિના, અને પાઉલ ક્રૂત્ઝેનને નોબલ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

વર્ષ ૨૦૦૩માં, મોન્ટ્રીયલ પ્રોટોકોલ માટે યુએન-યુનાઈટેડ નેશન્સના પૂર્વ મહાસચિવ શ્રી કોફિ અન્નાએ આપેલ નિવેદનમાં જણાવ્યું હતું કે, આજની તારીખ સુધીમાં, આંતરરાષ્ટ્રીય પર્યાવરણીય સંમતિ ક્ષેત્રે મોન્ટ્રીયલ પ્રોટોકોલ એક માત્ર સૌથી સફળ કરાર થયો છે.

યુએન-યુનાઈટેડ નેશન્સના મહાસચિવ શ્રી બૅન-કિ-મૂનના નિવેદન મુજબ છેલ્લા ચાલીસ વર્ષોમાં જુદાજુદા દેશો વચ્ચે થયેલ સમજુતિ-કરારો પૈકી, માત્ર મોન્ટ્રીયલ પ્રોટોકોલ જ આજદિન સુધી ખરો ઉતર્યો છે. જે રીતે, પૃથ્વીના વાયુમંડળ કવચની માવજત સાથે નવપલ્લવિત કરવા સારૂ આર્થિક સહાય સાથે મોન્ટ્રીયલ પ્રોટોકોલનો સફળ અમલ થયો છે, તે બાબત હવે પછીથી, શક્ય બનાવી શકાય તેવા મહાન કાર્યોનું ઉત્કૃષ્ઠ ઉદાહરણરૂપ બિના બની છે.

**● ઓઝોનદિન ઉજવણી પ્રસંગે લોકો શું કરી શકે છે ?**

વિશ્વમાં, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વર્ગખંડોમાં, ઑઝોનવાયુ પડ, મોસમ પરિવર્તન તેમજ ઑઝોન ઘટાડા સંબંધિત વિષયોની માહિતી આપવામાં આવે છે. કેટલાંક શિક્ષકો દ્વારા ઑઝોનવાયુ પડ સંબંધિત ઉપલબ્ધ શૈક્ષણિક સાહિત્યનો ઉપયોગ કરવામાં આવે છે. વિભિન્ન લોક સમૂદાયો, પર્યાવરણમાં રૂચી ધરાવતી વ્યક્તિઓ, શાળાઓ, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગ મંડળો, સરકારી કચેરીઓ, વગેરે દ્વારા ઑઝોન ફ્રેન્ડલી ઉત્પાદનોની માહિતી આપવામાં આવે છે. પૃથ્વીના ઑઝોનવાયુ પડને સુરક્ષિત રાખવા સખત પરિશ્રમ કરતા લોકોને ઑઝોન ઍવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવે છે.

પૃથ્વી ફરતે ઑઝોનવાયુના કવચની સુરક્ષામાં સહભાગી બનીએ.

- nareshkthakar@gmail.com